# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-08-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદનાં સરદાર ધામ ખાતે કન્યા છાત્રાલયનું બીજા તબક્કાનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું
2) પ્રધાનમંત્રી આવતીકાલે રાજ્યની બે દિવસની મુલાકાતે-અમદાવાદમાં જાહેરસભા સંબોધશે.
3) ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , વિઠ્ઠલભાઈ પટેલે ભારતીય આદર્શો પર લોકશાહી રીતે દેશ ચલાવવાનો પાયો નાખ્યો.
4) અમદાવાદમાં આજથી કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025નો શુભારંભ.
5) રાજ્યમાં આજે વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ગૌરવભેર ઉજવણી.
6) આગામી 24 કલાક દરમિયાન બનાસકાંઠા , મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગરમાં અતિભારે વરસાદની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM SARDAR DHAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદના સરદાર ધામમાં નિર્મિત કન્યા છાત્રાલયનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી મોદીએ શુભકામના પાઠવતા કહ્યું , સરદાર ધામનું નામ જેટલું પવિત્ર છે તેટલું કામ પણ પવિત્ર છે.

**(બાઇટ : નરેન્દ્ર મોદી)**

વૈષ્ણોદેવી સ્થિત સરદાર ધામ ખાતે ત્રણ હજાર કન્યાઓ માટે આ છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે.

. . . . . . . .

# PM MODI GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યની બે દિવસની મુલાકાતે આવશે. શ્રી મોદી અમદાવાદના નિકોલ ખાતે એક જાહેરસભા સંબોધશે. આ દરમિયાન તેઓ મહેસૂલ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના એક હજાર 218 કરોડ રૂપિયાના વિકાસકાર્યોની ભેટ આપશે. અમદાવાદ , મહેસાણા અને ગાંધીનગરમાં વીજ વિતરણને લગતા એક હજાર 122 કરોડના પ્રકલ્પોનું પણ શ્રી મોદી લોકાર્પણ કરશે. સાંભળીએ એક અહેવાલ.....

**(વોઇસ કાસ્ટ : હેમાંગીની સોનારા )**

આ પ્રકલ્પોમાં ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડ અને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અંતર્ગત અમદાવાદ , મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં પાંચ મુખ્ય પાવર ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ મહત્વાકાંક્ષી પ્રકલ્પોથી 4 લાખ 25 હજાર ગ્રાહકોને લાભ થશે. આ ઉપરાંત , શ્રી મોદી 96 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી મહેસૂલ વિભાગની બે અત્યાધુનિક ઈમારત જેમાં ગાંધીનગરમાં રાજ્ય સ્તરીય લૅન્ડ ડેટા સ્ટોરેજ સેન્ટર અને અમદાવાદમાં સ્ટેમ્પ્સ અને રજિસ્ટ્રેશન ભવનનું ખાતમુહૂર્ત કરશે.

હેમાંગીની સોનારા, આકાશવાણી સમાચાર અમદાવાદ

. . .

# PM -TRAFFIC

અમદાવાદ શહેરમાં આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં 'ખોડલધામ મેદાન, નિકોલ' ખાતે એક જાહેરસભાનો કાર્યક્રમ યોજાશે તે દરમિયાન કેટલાક માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

એમ.એસ.સ્કૂલ ચાર રસ્તા થઇ ભક્તિ સર્કલ સુધીનો માર્ગ , ભક્તિ સર્કલથી હરીદર્શન ચાર રસ્તા સુધીનો માર્ગ અને ઓમકાર પ્લાઝા ચાર રસ્તા થઇ દેવસ્ય સ્કુલ ચાર રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત રહેશે.

વિઠ્ઠલપ્લાઝા ત્રણ રસ્તા થઇ , દેહગામ રિંગરોડ સર્કલ થઈ દાસ્તાન સર્કલ સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે આ જાહેરનામાનો અમલ બપોરે 2 થી રાત્રિના 10 વાગ્યા સુધી કરવાનો રહેશે.

. . . . . .

# AMIT SHAH-ALL INDIA SPEAKERS' CONFERENCE

ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હી વિધાનસભામાં બે દિવસીય અખિલ ભારતીય સ્પીકર પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પરિષદનું આયોજન કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચૂંટાયેલા અધ્યક્ષ વિઠ્ઠલભાઈ પટેલના શતાબ્દી વર્ષ નિમિત્તે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે દેશની સ્વતંત્રતાની જેમ જ આઝાદી પછી લોકશાહી રીતે દેશ ચલાવવાનું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે વીર વિઠ્ઠલભાઈ પટેલે ભારતીય આદર્શો પર લોકશાહી રીતે દેશ ચલાવવાનો પાયો નાખ્યો હતો.

**(BYTE : AMIT SHAH)**

આ પ્રસંગે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે વિરોધ કરવાનો સભ્યોનો અધિકાર છે, પરંતુ તેઓ કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી શકતા નથી.

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.............

# COMMONWEALTH WEIGHTLIFTING

અમદાવાદમાં આજથી કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025નો આરંભ થયો. કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતેથી આ રમતોત્સવનો શુભારંભ કરાવતા કહ્યું કે, આ માત્ર ચેમ્પિયનશિપ નથી, તે દેશના ઉભરતા ખેલાડીઓની પ્રેરણાનું કેન્દ્ર છે.

**(બાઇટ : મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી )**

31 ઓગસ્ટ સુધી યોજાનાર આ રમતોત્સવમાં 30 કોમનવેલ્થ દેશોના 291 ખેલાડી ભાગ લેશે, જેમાં 3 વખતના કોમનવેલ્થ ગેમ્સ સુવર્ણ ચંદ્રક વિજેતા મીરાબાઈ ચાનું સહિતના ભારતીય ખેલાડી આ સ્પર્ધાને રોમાંચક બનાવશે.

આ રમતોત્સવ ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ છે.

. . . . . .

# GUJARATI BHASHA DIVAS

આજે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ છે. ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ અને સામાજિક પરિવર્તનના પ્રખર હિમાયતી કવિ નર્મદના જન્મદિન નિમિત્તે આજના દિવસની વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતીઓને શુભકામના પાઠવી. સાંભળીએ એક અહેવાલ.....

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

(દેશમાં ગુજરાતી ભાષા 6ઠ્ઠા ક્રમની સૌથી વધુ બોલાતી ભાષા છે , જે દેશની કુલ વસ્તીના 4.5 ટકા થાય છે. આ દિવસની ઉજવણીનો હેતુ કવિ નર્મદના અમૂલ્ય યોગદાનનું સ્મરણ કરવા ઉપરાંત ગુજરાતી ભાષાની સુંદરતાને વિશ્વફલકમાં ફેલાવવાનો પણ છે. જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પરભાત જેવા લોકપ્રિય ગુજરાતી કાવ્ય આપનાર કવિ નર્મદે ગુજરાતી ભાષાના સાહિત્યને નવી દિશા આપી હતી. તેમણે ગુજરાતી ભાષાના લેખનનો પાયો નાખ્યો. નર્મદે લખેલી આત્મકથા 'મારી હકીકત' એ ગુજરાતી સાહિત્યની પહેલી આત્મકથા માનવામાં આવે છે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ )

. . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર આજે બનાસકાંઠા , મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, મોરબી અને સુરેન્દ્રનગરમાં અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ અપાયું છે. હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ કે 40 થી 50 કિલોમીટરની ઝડપે દરિયાકાંઠે પવન ફૂંકાવાની શક્યતાને પગલે બંદરો પર સિગ્નલ-3 નંબરનું સિંગ્નલ લગાડાયું છે.

**(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક )**

. . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના 207 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે જેમાં બનાસકાંઠાના દાંતામાં સૌથી વધુ અઢી ઇંચ વરસાદ વરસ્યો. સાબરકાંઠાના ઇડર , સુરતના ઉમરપાડા, સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા , મોરબીના ટંકારા અને માળીયામાં બે ઇંચ વધુ વરસાદ પડ્યો.

ભારે વરસાદથી રાજ્યમાં અત્યાર સુધી 934 લોકોને બચાવી લેવાયા છે જ્યારે 5 હજાર 191 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ કામગીરી માટે NDRFની 12 અને SDRF ની 20 ટીમ તૈનાત કરવામાં આવી છે . ભારે વરસાદને કારણે રાજ્યના 190 જેટલા માર્ગ બંધ કરાયા છે.

. . . . . . . .

# GUJARAT DAM

ભારે વરસાદને કારણે રાજ્યના 91 જળાશય હાઇએલર્ટ પર છે. કરજણ નદીમાં 13 ક્યુસેક પાણીની આવક થતાં કાંઠા વિસ્તારના રાજપીપલા સહિત 6 ગામોને એલર્ટ કરાયા છે. રાજકોટ જિલ્લાના ઉપલેટાના મોજ બંધના 10 દરવાજા તથા વેણુ-2 બંધના 4 દરવાજા ખોલાયા છે , આથી કાંઠાના ગામોને જિલ્લા તંત્ર દ્વારા સાવચેત રહેવા અને નદીના પટ્ટમાં ન જવા સુચના અપાઈ છે. મોરબીનો ઘોડાધ્રોઈ બંધ સંપૂર્ણ ભરાતા એક દરવાજો એક હજાર 197 ક્યુસેક પાણી છોડાયું છે.

બીજી તરફ વલસાડના ધરમપુરમાં નદીના વહેણમાં યુવાન બાઈક સાથે તણાયો હતો. હજુ તેની શોધખોળ ચાલી રહી છે. દરમિયાન ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના નિંબારપાડા ગામના બે યુવક કોઝવે પાર કરવા જતા એક યુવક તણાયો હતો. જોકે તેના મિત્રની મદદથી તેનો જીવ બચી ગયો હતો. સાબરમતી નદીમાં પાણી વધુ આવક થતાં સાબરકાંઠાના હિંમતનગર-દેરોલ બ્રીજ બંધ કરાયો છે. પાટણમાં વરસી રહેલા વરસાદને પગલે શહેરના રેલવે ગરનાળા સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયું હતું.

. . . . .

# GSRTC -AMDAVAD-PATAN

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે મુસાફરોની સુવિધા માટે અમદાવાદ-પાટણ રૂટ પર એસી વોલ્વો બસ સેવા શરૂ કરી છે. આ સેવા અમદાવાદ ગીતામંદિરથી મહેસાણા અને ચાણસ્માથી પાટણ સુધી દરરોજ ઉપલબ્ધ રહેશે.

અમદાવાદથી બસ દરરોજ સવારે 6 વાગ્યે ઉપડશે, જ્યારે પાટણથી પરત અમદાવાદ તરફની બસ સવારે 10થી 11 વાગ્યા વચ્ચે પ્રસ્થાન કરશે. આ નવી સેવા નોકરિયાત વર્ગ , વિદ્યાર્થીઓ અને સામાન્ય મુસાફરોને આરામદાયક અને સુવિધાજનક મુસાફરી પૂરી પાડશે.

. . . . . . .